# પવન રૂપેરી (૧૯૭૨)



# ક્યાં છો ચંદ્રકાન્ત?

ક્યાં છો ચંદ્રકાન્ત? તમે ક્યાં છો? ક્યાં છો?
તમારા આ બોલાયેલા – લખાયેલા શબ્દો,
– એમાં તમે નથી, તમારી છે છાયા;
– જેને તમારું ના સ્હેજે અભિજ્ઞાન.
ચંદ્રકાન્ત!
તમોને ભુલાવી દેતા તમારા અરીસા
– એને તોડીફોડી કેમ નથી દેતા?
તમારી જ આરતીને સહી લો છો શાને?
કેમ ફૂંક મારી હોલવી ના દેતા?

તેજના તમિસ્રમાંથી નીકળો રે બહાર,
તમારું જે રૂપ, જુઓ તમારીયે પાર!

શ્વાસથી ઉચ્છ્વાસના ઝૂલાએ રોજ ઝૂલો,
કદી અંતરાલે માંડી ખરી મીટ?

કોનો લય, કોની ગતિ, કોનું રૂપ
– જેનો આમ નિષ્પંદ શો છંદ ઊંડો નસે નસે ચાલે?

ફૂલ જેમ હસો છો ને કરો છો કલ્લોલ!

તમે જાણો છો?
– અનંતમાં જે અંતે તમે ઝૂલો
એ કાળના તરુની કોણ ડાળ?

'ચંદ્રકાન્ત' નામની ધજાઓ જ્યાં ચઢાવી,
એ જ મંદિરે ના જાણે કોઈ 'ચંદ્રકાન્ત' કોણ!
ચંદ્રકાન્ત, તમોએ જે ઉછેર્યું એ ઘર,
એ જ જાણે નહિ 'ચંદ્રકાન્ત' કોણ!

'ચંદ્રકાન્ત' નામના જે રાજપથે ચાલો
એને તમારાં ના પગલાંની જાણ.
ઢગ ઢગ ફૂલોએ જે પામ્યા તમે માન,
એમાં તમારા જ સ્મિતની ના શાન.

'ચંદ્રકાન્ત' નામની દીવાલો ઓઢી ઓઢી
તમે શ્વાસે શ્વાસે મમી થતા ચાલ્યા!

'ચંદ્રકાન્ત' – એ જ તમે એમ માની–ચાલી,
ભલા ખુદનેય દૂર ઠીક રાખ્યા!

'ચંદ્રકાન્ત' નામ પઢ્યા પોપટની જેમ
તોય,
મરચાના જેટલીયે
ચાંચને તમારી પૂછો,
'ચંદ્રકાન્ત' નામની પિછાન છે કે કેમ?
'ચંદ્રકાન્ત' નામ માટે
શબ્દોના મિનારા ચણ્યા,
સંબંધોનાં જાળ વણ્યાં,
પરઘેર પાણી ભર્યાં,
રંગલાના વેશ કર્યા,
સાત સાત પૂછડાં ઉગાડ્યાં ને કપાવ્યા કર્યાં!

કેટલાયે કૅમેરાની આંખો પ્હેરી,
અંધકારો આંજી આંજી,
પ્રકાશોથી રંગી રંગી,
પ્લેટોમાં ઠાંસી ઠાંસીને,
ચંદ્રકાન્તો ચારેકોર મૂકી મૂકી જોયા;
ચંદ્રકાન્ત પાના જેવા સાવ કોરા!

ચારેકોર ચંદ્રકાન્તો
ખીચોખીચ
કીડિયારાં રચી રચી જીવે,
– એમાં હું જ હોઉં એવો સાચો
એક તો બતાવો મને
ચંદ્રકાન્ત ક્યાં છે?
ક્યાં છે?
ક્યાં છે?

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧-૩)*

## મન ખવાતું જાય છે...

મન ખવાતું જાય છે...
સૂર્ય આંખોમાં ઘસાતો જાય છે,
મન ખવાતું જાય છે...

પ્રત્યેક પલ આ ટાંકણીની જેમ ભોંકાતી જતી,
વાટ ઊંડી શૂન્યતાનો શેરડો પાડી જતી,
હાથ બે મળતાં વચાળે બરફ બસ, પીગળી રહ્યો,
ચાર આંખે બદ્ધ અવકાશે હવે તો
ચંદ્ર કોઈ હાડ હાડ ગળી રહ્યો!
આંસુ મારી નજરને ચોંટ્યું : ઊખડતું એ નથી!
હાથ પહોળા થૈ શકે પણ,
કોઈ પંખીનું ગગન ખૂલતું નથી.

હર ઘડી લાગ્યા કરે :
ઘણ-ઘાવ કો ચાલી રહ્યા – હું સાંભળું;
કોઈના હૈયે ઊંડે ઊતરી રહ્યો ખીલો
– અને એ હું કળું!

ફૂલની આંખે ભીતર જે વેદના,
કંટકોની ટોચ પરથી ઊભરે;
ચૂચવે છે ચક્ર, એનો જે ઘસારો,
એકધારા શ્વાસમાં આ નીતરે.

ડગલે અને પગલે
ઊંડે આ રક્તમાં ફાટી પડેલા વૃક્ષનું
પાન શાખાથી વિખૂટું થાય છે;
ભીતરે અંધારમાં ઝૂલતું અમરફળ કોકનું
પિંગળાની ભૂખથી ભરખાય છે;
મન ખવાતું જાય છે...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૫)*

## ખખડે – સુણું

મનના ખાલી ગોળા ગબડે – ખખડે,
માંડ બિડાવા કરતી આંખે
      ધાતુની બે કીકીઓ ખખડે,
આંગળીઓમાં ખખડે લીલા ફળની સુક્કી યાદ,
અને લોહીમાં ખખડે કોરાં પાંદ, કાંકરા, કાંટ.
ઉંબર પરથી ફરી ગયેલાં પગલાં પંથે ખખડે,
આંખોમાંથી ખરી પડેલાં આભ હવામાં ખખડે,
બંધ બારણે સેજે વાસી રાત અટૂલી ખખડે,
અશ્રુધારથી વીંધી વાતો પીળી પીળી ખખડે.
સપનાંનુંયે સુખ હતું તો ક્યાં છે?
ભર્યા નેહનો પડઘો લીલો ક્યાં છે?
પ્હાડ સમાણા પ્હાડ ઓગળી બેઠા!
સામે નર્યા સીમાડા ઊકળે!
આંગણ મારે છોડ અગનના ઊતરે!
જે ઘરની છાયામાં મારો દિવસ ગુજારું
તે આ ઘરને મોભે
      કૈંક દિવસનો ભૂખ્યો સૂર્ય લટકતો!
ઘરનો જાણે દરેક ખૂણો ભડ ભડ બળતો!
જોતાં નજર સળગતી – એને કેમ બુઝાવું?
હોઠ સુધી અડતી જે ઝાળ,
      કેમ કરી હડસેલું?
આંખ દઝાતી બંધ કરી હું,
      તિમિરલોહનો શીત ખંડ તે
            મૂકી પોપચે
                  મથતો ટાઢક લેવા;
મારી ગળી જાય છે રોમ રોમથી
            રહીસહીય ભીનાશ,
કૂજે ભરેલ ઢળી જાય છે મારો શેષ ઉજાશ.
હવે તો ખોપરીઓમાં મેઢાં બબડે, સુણું
શબ્દોના ઠળિયાની આ એકલતા ખખડે, સુણું,
પલ પલ પારા જેવી,
      મારા હાડ મહીં ટકરાતી, કણ કણ પથરાતી તે સુણું,
સુણું કરડ કરડ રે કૈંક ચવાતું
            રાતદિવસ કો’ કરાલ દાઢે
                  ભીતર મારે ક્યાંક!

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૬-૭)*

# એક ઈંટ જો હાલે...

આટઆટલી ભીંતો વચ્ચે
અવાજ મારો ભટકાતો ભાંગીને ભુક્કો થાય!
ઊડવા કરતું આભ ભીતરનું,
છતની સામે પાંખ પછાડી,
ઢગ પીંછાંમાં વીખરાતું આ ચરણ તળે ચગદાય;
અને હું છિન્ન અવાજે સાદ કરું શેરીની વચ્ચે :
    'કોઈ મને છોડાવો
    રે કોઈ રસ્તાઓના ભરડામાંથી
        મારા ચરણ મુકાવો.'
રોજ રોજ આ ભીંત મહીંથી ફૂટે ભીંત હજારો,
પગ ચાલે ને લાગે :
    મારી સાથે ચાલે ઈંટ હજારો!
નીલ ગગનનું ઊડતું પંખી, દૂર – દિવસની પાર;
એકલ મારા મનની ડાળે અંધકારનો ભાર.
કોઈ એક ઝાકળનું બિન્દુ ક્યાં છે?
– જે આ લુખ્ખી આંખે મોતી થૈને નિર્મલ ચમકે.
કોઈ એવું રે જલનું બિન્દુ ક્યાં છે?
– જે આ
    ઈંટમાં બાંધ્યા
    મરી ગયેલા
    તડકા જેવા ઘેરા
    મારા માટીના ચહેરામાં ઊતરી ફરકે.
    શ્વાસે શ્વાસે નિઃશ્વાસો પડઘાય,
    પિરામિડોના થર પર થર પથરાય.

એક ઈંટ જો હાલે,
        આખું નગર હલાવી નાખું;
પલકારામાં પિરામિડો પાધરમાં પલટી નાખું...
સૂરજ ક્યાં છે?
સૂરજ, આપો એક જ કરનો સાથ;
    કદાચ મારો ખડી ગયેલો હલે ફરીથી હાથ...
                ને હું...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧૨-૧૩)*